

માનનીય શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત સરકાર

सत्यमेव जयते

# વેપારીઓ અને ઉદ્યોગકારોને જી.એસ.ટી.માં વિશેષ રાહતો



માનનીય શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## ગુજરાતની સંવેદનશીલ સરકારના સક્રિય પ્રયત્નોથી સામાન્ય જનતા અને કરદાતાઓને ફાયદો

## તા. ૦૬.૧૦.૨૦૧૭ ની GST કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ નિર્ણયો

### સામાન્ય જનતા માટે વેરાના દરમાં ઘટાડો

**ચીજ વસ્તુઓના દરમાં રાહત**

- **૨૮%, ૧૮%, ૧૨% માંથી ૫%** :– પ્લાસ્ટીક/કાગળ/કાચ/રબ્બરનો ભંગાર, ઇલેક્ટ્રોનિક વેસ્ટ (ઇ વેસ્ટ)
- **૧૮% માંથી ૫%** :-
  - કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત યોજના અન્વયે સમાજના નબળા વર્ગો માટે પૂરી પાડવામાં આવતી ખાદ્ય સામગ્રી, બાયોમાસ બ્રિકેટ
  - ઈમીટેશન જવેલરી, માટીમાંથી બનતી ઇંટો, ખાદ્ય ચીજ વસ્તુઓનું જોબવર્ક.
- **૧૨% માંથી ૫%** :-
  - ખાખરા, અનબ્રાન્ડેડ ફરસાણ, અનબ્રાન્ડેડ આયુર્વેદિક/હોમીયોપેથિક સિદ્ધ અને યુનાની દવાઓ, આમચૂર.
  - કટપીસ અને રેડી–ટુ–સ્ટીચ ડ્રેસ મટીરીયલને કાપડ તરીકે ગણવા ઠરાવેલ છે.
- **૧૮% માંથી ૧૨%** :- કાપડ ઉદ્યોગમાં વપરાતા મેનમેઇડ યાર્ન અને સીવવાનાં દોરા.
- **૨૮% માંથી ૧૮%** :- ૧૫ HP સુધીના ડિઝલ એન્જીન/સબમર્સિબલ પંપનાં પાર્ટસ, પ્લેઇન શાફ્ટ બેરીંગ, ગ્રેનાઇટ અને માર્બલ સિવાયની પથ્થરની તમામ ચીજવસ્તુઓ, પોસ્ટર કલર, બાળકો માટેનાં મોડેલીંગ પેસ્ટ, સ્ટેપલર પીન.

**સેવાઓના દરમાં રાહત**

- લીઝીંગથી વાહન ખરીદતા ગ્રાહકને હપ્તાની પૂરી રકમને બદલે ફક્ત ૬૫% રકમ પર જ વેરો ચૂકવવાનો રહેશે.
- પ્રિન્ટીંગ જોબવર્ક પર વેરાનો દર, બનતી ચીજવસ્તુના દરને ધ્યાને લઈ લાગુ પડશે.
- GTA દ્વારા બિનનોંધાયેલ વ્યક્તિને અપાતી સેવાને વેરામુક્તિ અને તેથી નોંધણી નંબર મેળવવામાંથી પણ મુક્તિ આપી.

### નિકાસકારો માટે

- નિકાસકારોને **બેંક ગેરંટી તથા બોન્ડ રજૂ કરવામાંથી મુક્તિ** આપીને લેટર ઓફ અંડરટેકીંગની સુવિધા મળતા વેરો ભર્યા સિવાય નિકાસ શક્ય બનશે.
- નિકાસના કેસોમાં કરદાતાને ઝડપથી રીફંડ મળે તે માટે હાલ પુરતી ઓન–લાઇનના બદલે, **મેન્યુઅલ રીફંડની જોગવાઈ** અમલમાં.
- ઈ–વોલેટની સુવિધા: નિકાસકારની પાછલા વર્ષની નિકાસને ધ્યાને લઈને ઈ–વોલેટ બનશે અને તેમાં “નોશનલ ક્રેડીટ” આપવામાં આવશે. નિકાસકાર આ ક્રેડિટનો ઉપયોગ પોતાના ભરવાપાત્રવેરાની સામે કરી શકશે.
- **એક્ઝીમ સ્ક્રીપનાં વેચાણોને વેરામાફી**

### નાના કરદાતાઓ માટે

- વાર્ષિક રૂા. ૧.૫ કરોડ સુધીના ટર્નઓવરવાળા કરદાતાઓને સુગમતા અર્થે **માસિક પત્રકો ભરવામાંથી મુક્તિ** આપી.
- હવેથી **ત્રિમાસીક પત્રકો અને ત્રિમાસીક વેરો ભરવાની સુવીધા** મળવાથી ખર્ચમાં ઘટાડો થશે અને નાણાંની તરલતા વધશે.
- બિન–નોંધાયેલ વ્યક્તિ પાસેથી મેળવવામાં આવતા માલ/સેવા ઉપર **રીવર્સ ચાર્જ મીકેનીઝમ** (RCM) **ની જોગવાઈનો અમલ તા. ૩૧.૦૩.૨૦૧૮ સુધી સ્થગિત કરવામાં આવ્યો.**
- વાર્ષિક રૂા. ૧.૫ કરોડ સુધીના ટર્નઓવરવાળા કરદાતાઓને માલ પુરો પાડવા માટે મેળવેલ **એડવાન્સની રકમ ઉપર વેરો ભરવામાંથી મુક્તિ.**

### ઉચ્ચકવેરો ભરતા કરદાતાઓ માટે સવલત

- ઉચ્ચકવેરાની યોજનાનો લાભ બહોળા સમુદાયને મળે તે હેતુથી ટર્નઓવરની મર્યાદા **રૂા. ૭૫ લાખથી વધારીને રૂા. ૧ કરોડ**
- ઉચ્ચકવેરો ભરતા કરદાતા પર વેરાનું ભારણ ઓછુ રહે તે માટે કુલ ટર્નઓવરમાંથી **માફી માલ બાદ કરીને જ વેરો ભરવાની સુવિધા.**

### સેવાઓ પુરી પાડતા કરદાતાઓ માટે રાહત

- આંતર–રાજ્ય સેવાઓ પુરી પાડતા કરદાતાઓને ફરજીયાત **નોંધણીનંબર લેવામાંથી મક્તિ આપીને રૂા. ૨૦ લાખના ટર્નઓવરનો લાભ આપવાનું નક્કી થયેલ છે.**
- એડવોકેટ, સીનીયર એડવોકેટ અને વકીલોની પેઢી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પૂરી પાડવામાં આવતી **કાનૂની સેવાઓને રીવર્સ ચાર્જ મીકેનીઝમ** (RCM) **હેઠળ આવરી લેવાઈ.**
- પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસ કે રેન્ટીંગના વ્યવહારો પરનો દર, માત્ર મોટર કેબને બદલે, તમામ વાહનોને સમાન રીતે લાગુ પડશે.
- વેરાનું બેવડું ભારણ નિવારવા, ભાડેથી વાહન આપતા ઓપરેટરને, ભાડેથી મેળવેલ વાહન પર વેરાશાખનો લાભ મળશે.

### સિસ્ટમને લગતા સુધારા

- માઈગ્રેશન કરેલ કરદાતાઓને સ્વૈચ્છિક રીતે નોંધણી નંબર રદ કરાવવાની સગવડ.
- નોંધણી રેકર્ડના Core fields અને non-core fields માં સુધારા વધારાની સવલત.
- ઉચ્ચકવેરો ભરતા કરદાતાને ઉચ્ચકવેરાનો વિકલ્પ રદ કરવાની સગવડ.
- ૩૦ જુન, ૨૦૧૭ ના રોજ સ્ટોકમાં રહેલ માલ ઉપરની ક્રેડીટ મેળવવા માટે ફોર્મ TRAN-1 ભરવાની સમયમર્યાદા તા. ૩૧.૧૦.૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.
- જુલાઈ–૨૦૧૭ કે ત્યારબાદ નોંધાયેલ કરદાતા માટે સ્ટોક ઉપર ક્રેડીટ લેવા માટેનું પત્રક GSTR ITC-1 ની સમયમર્યાદા તા.૩૧.૧૦.૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.

**“વિશાળ જનહિતમાં વેપાર ઉદ્યોગને પ્રગતિશીલ વાતાવરણ પૂરૂ પાડવા સદા પ્રતિબદ્ધ સરકાર”**

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

NATION TAX MARKET